પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૬) અંક નં. ૨૫૦ | ૨૨ નવેમ્બર, ૨૦૨૧, સોમવાર; કારતક વદ - ૩ | પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦


# ખેડૂત સંગઠનો આંદોલન ચાલુ રાખશે

**સરકાર માર્યા ગયેલા ખેડૂતોના પરિવારને વળતર-રોજગાર આપે : કૃષિ કાયદા રદ કરવાની પીએમ મોદીની જાહેરાત બાદથી જ ખેડૂત સંગઠનો બેઠક પર બેઠક કરી રહ્યા છે, તેઓ અન્ય મુદ્દાઓ સાથે આંદોલન ચાલુ રાખશે**

નવી દિલ્હી, તા.૨૧

શુક્રવાર, ૧૯ નવેમ્બરે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ત્રણ નવા કૃષિ કાયદાને રદ કરવાની જાહેરાત સાથે લાંબા સમયથી દિલ્હીની સરહદો પર ચાલી રહેલા ખેડૂત આંદોલનને ખતમ કરવાનો રસ્તો સાફ કર્યો હતો. પરંતુ તેમની જાહેરાત બાદથી જ દિલ્હીની સરહદો પર ડેરો જમાવી બેઠલા ખેડૂત સંગઠનોએ બેઠકો શરું કરી દીધી હતી. કેન્દ્ર દ્વારા અમલમાં લાવેલા ૩ નવા કૃષિ કાયદાઓને રદ કરવાની માંગ સાથે પંજાબ,



હરિયાણા સહિત ઉત્તર ભારતીય રાજ્યોના ખેડૂતોએ દિલ્હી તરફ કૂચ કરી હતી. તેમણે દિલ્હીની સરહદો પર જ રહીને વિરોધ પ્રદર્શન શરુ કર્યા હતા. જોકે લાંબા સમય બાદ પીએમ મોદીએ તેમની માંગને સ્વીકારી કૃષિ કાયદા રદ કરવાની જાહેરાત કરી હતી. જે પછી ખેડૂત સંગઠનો પણ આગળની રણનીતિ માટે બેઠક પર બેઠક યોજી રહ્યા હતા. હાલમાં બેઠક બાદ ખેડૂતોના નેતા બલબીર સિંહ રાજેવાલે કહ્યું કે, કેન્દ્રએ સારો નિર્ણય લીધો છે અને અ નિર્ણયનું સ્વાગત કરીએ છીએ. પરંતુ હજુ પણ કેટલાક મુદ્દા છે જે બાકી છે. તેમણે જણાવ્યું કે, અમે પીએમ મોદીને આ સંબંધે ઓપન લેટર લખીશું. જેમાં ખેડૂતોની અન્ય માંગનો ઉલ્લેખ કરવામાં આવશે. આ મુદ્દાઓમાં એમએસપી સમિતિ, એના અધિકાર, સમય મર્યાદા, વિજળી બિલ ૨૦૨૦ સામેલ કરવામાં આવશે. દિલ્હીની બોર્ડર પર રહેલા ખેડૂત સંગઠનના નેતા રાજેવાલે કહ્યું કે, અમે કૃષિ કાયદાઓને રદ કરવાની ચર્ચા કરી.

● અનુસંધાન પાન-૭ પર

## કૃષિ કાયદાના બિલને બુધવારે કેન્દ્રીય કેબિનેટ મંજૂરી આપશે

**સંસદનું શિયાળુ સત્ર તારીખ ૨૯ નવેમ્બરે શરૂ થશે : વડાપ્રધાનની જાહેરાત બાદ હવે સરકાર ત્રણેય કૃષિ કાયદાઓને પરત લેવા માટે સંસદમાં બિલ રજૂ કરશે**

નવી દિલ્હી, તા.૨૧

કેન્દ્રિય મંત્રીમંડળ તરફથી ત્રણેય કૃષિ કાયદાઓને પરત ખેંચવાના બિલને બુધવારે મંજૂરી મળવાની સંભાવના છે. સરકારના સૂત્રોએ આ જાણકારી આપી છે. મંત્રીમંડળની મંજૂરી બાદ આ બિલને સંસદના આગામી સત્રમાં રજૂ કરવામાં આવશે. અહીં નોંધનીય છે કે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ શુક્રવારે ગુરુ પર્વ નિમિત્તે રાષ્ટ્રહિતમાં કૃષિ કાયદાઓને પરત ખેંચવાની સરકારની ઈચ્છાની જાહેરાત કરી હતી. સંસદનું શિયાળુ સત્ર તારીખ ૨૯ નવેમ્બરે શરૂ થશે. કૃષિ કાયદાઓને પરત ખેંચવાની માગ કરતા ગત વર્ષે નવેમ્બરથી દિલ્હીની સીમાઓ પર પ્રદર્શન કરી રહેલા ખેડૂતોએ કહ્યું કે તેઓ ત્યાં સુધી પ્રદર્શન સ્થળે રહેશે કે જ્યાં સુધી સંસદ તરફથી કૃષિ કાયદાઓ નાબૂદ થઈ જાય. વડાપ્રધાનની જાહેરાત બાદ હવે સરકાર ત્રણેય કૃષિ કાયદાઓને પરત લેવા માટે સંસદમાં બિલ રજૂ કરશે.

અહીં નોંધનીય છે કે શુક્રવાર, ૧૯ નવેમ્બરે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ત્રણ નવા કૃષિ કાયદાને રદ કરવાની જાહેરાત સાથે લાંબા સમયથી દિલ્હીની સરહદો પર ચાલી રહેલા ખેડૂત આંદોલનને ખતમ કરવાનો રસ્તો સાફ કર્યો હતો. પરંતુ તેમની જાહેરાત બાદથી જ દિલ્હીની સરહદો પર બેઠેલા ખેડૂત સંગઠનોએ બેઠકો શરું કરી દીધી હતી. કેન્દ્ર દ્વારા અમલમાં લાવેલા ૩ નવા કૃષિ કાયદાઓને રદ કરવાની માગ સાથે પંજાબ, હરિયાણા સહિત ઉત્તર ભારતીય રાજ્યોના ખેડૂતોએ દિલ્હી તરફ કૂચ કરી હતી. તેમણે દિલ્હીની સરહદો પર જ રહીને વિરોધ પ્રદર્શન શરુ કર્યા હતા. જોકે લાંબા સમય બાદ પીએમ મોદીએ તેમની માગને સ્વીકારી કૃષિ કાયદા રદ કરવાની જાહેરાત કરી હતી. જે પછી ખેડૂત સંગઠનો પણ આગળની રણનીતિ માટે બેઠક પર બેઠક યોજી રહ્યા હતા.

હાલમાં બેઠક બાદ ખેડૂતોના નેતા બલબીર સિંહ રાજેવાલે કહ્યું કે, કેન્દ્રએ સારો નિર્ણય લીધો છે અને આ નિર્ણયનું સ્વાગત કરીએ છીએ. પરંતુ હજુ પણ કેટલાંક મુદ્દા છે જે બાકી છે. તેમણે જણાવ્યું કે, અમે પીએમ મોદીને આ સંબંધિત ઓપન લેટર લખીશું. જેમાં ખેડૂતોની અન્ય માગનો ઉલ્લેખ કરવામાં આવશે. આ મુદ્દાઓમાં એમએસપી સમિતિ, તેના અધિકાર, સમય મર્યાદા, વિજળી બિલ ૨૦૨૦ સામેલ કરવામાં આવશે.

## બુસ્ટર ડોઝ અંગે ૩૦મી સુધીમાં નિર્ણય

**NTAGI નીતિઓને અંતિમ રૂપ આપશે : કોરોના રસીનો બુસ્ટર ડોઝ કોને આપવો તેના અંગે નિર્ણય અનેક પાસાઓના આધારે કરવામાં આવશે**

પુણે, તા.૨૧

બૂસ્ટર ડોઝ પરની નીતિ આ મહિનાના અંત સુધીમાં જાહેર થવાની સંભાવના છે, પરંતુ પ્રાથમિકતા પુખ્ત રસીકરણ કાર્યક્રમને વહેલી તકે પૂર્ણ કરવાની રહેશે, એમ શનિવારે એક વરિષ્ઠ રાષ્ટ્રીય ટાસ્ક ફોર્સના સભ્યએ જણાવ્યું હતું. રસીકરણ પર સરકારની સલાહકાર સંસ્થા નેશનલ ટેકનિકલ એડવાઈઝરી ગ્રુપ ઓન ઈમ્યુનાઈઝેશન નીતિઓને અંતિમ રૂપ આપશે. ભારતીય મહામારી કાયદો અને દેશમાં મહામારીની સ્થિતિના આધારે એક વ્યાપક નીતિ બહાર આવે તેવી શક્યતા છે અને આ નીતિ અન્ય રાષ્ટ્રો પર આધારિત નથી. આ બેઠક આગામી બે અઠવાડિયામાં યોજવી જોઈએ. બુસ્ટર ડોઝ અંગે ટાસ્ક ફોર્સના સભ્યએ જણાવ્યું હતું.

તેમણે કહ્યું કે બુસ્ટર ડોઝ પર નીતિ તૈયાર થઈ રહી છે, જો કે હાલ પહેલા તો પુખ્ત રસીકરણ કાર્યક્રમને ઝડપી બનાવવા અને પૂર્ણ કરવા પર ભાર મૂકવામાં આવશે. ૩૧ ડિસેમ્બર સુધીમાં ઓછામાં ઓછા તમામ પુખ્ત લાભાર્થીઓને પ્રથમ ડોઝ આપવામાં આવે તે સુનિશ્ચિત કરવા પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવશે. હાલમાં, પુખ્ત વસ્તીના ૮૦% થી વધુ લોકોએ રસીનો ઓછામાં ઓછો પ્રથમ ડોઝ મેળવ્યો છે, અને ૪૧% થી વધુને બંને ડોઝ મળ્યા છે. તાજેતરની મીટિંગમાં મોટાભાગના રાજ્યોએ આરોગ્ય કર્મચારીઓ માટે બૂસ્ટર ડોઝની માંગ કરી હતી.

## બ્રહ્મોસ અને બરાક મિસાઈલથી સજ્જ INS વિશાખાપટ્ટનમ નૌસેનામાં સામેલ

**ચીનનું ટેન્શન વધારવા તૈયાર છે INS વિશાખાપટનમ : ભારતીય નૌસેનાની તાકાત બનશે**

મુંબઈ, તા.૨૧

ભારતીય નૌસેનાના શક્તિશાળી હથિયારોમાં સ્વદેશી ગાઈડેડ-મિસાઈલ આઈએનએસ વિશાખપટનમનો પણ સમાવેશ થઈ ગયો છે. રવિવારના રોજ મુંબઈ ડોકયાર્ડમાં આઈએનએસ વિશાખાપટનને નૌસેનામાં શામેલ કરવામાં આવ્યુ હતું. રક્ષા મંત્રી રાજનાથ સિંહે મુંબઈ ડોકયાર્ડમાં આ સમારોહમાં ભાગ લીધો હતો. નૌસેનાને નવું સ્વદેશી ગાઈડેડ-મિસાઈલ ડિસ્ટ્રોયર મળવાને કારણે બૂસ્ટ મળશે. ભારતનું બીજું એરક્રાફ્ટ કરિયર અત્યારે એક દરિયાઈ ટ્રાયલ પર છે. ભારતીય સેનાના પ્રોજેક્ટ ૧૫બી અંતર્ગત આઈએનએસ વિશાખાપટ્ટનમને બનાવવામાં આવ્યું છે. ૨૦૧૫માં પહેલી વાર તેને પાણીમાં ઉતારવામાં આવ્યુ હતું. ૧૬૪ મીટર લંબાઈ વાળા આ વોરશિપમાં તમામ ઉપકરણો અને હથિયારો તૈનાત કર્યા પછી તેનું વજન ૭૪૦૦ ટન થઈ ગયું છે. આઈએનએસ વિશાખાપટ્ટનમ ડિસ્ટ્રોયર તે ચાર ૭૪૦૦ ટન વાળા સ્ટેલ્ડ ડિસ્ટ્રોયર્સમાંથી એક છે, જે મડગાંવ ડોક્સ પર બનાવવામાં આવ્યા છે. જાન્યુઆરી ૨૦૧૧માં તેનો કોન્ટ્રાક્ટ આપવામાં આવ્યો હતો. ત્રણ વર્ષથી વધારે ડીલે થયા પછી ગત માહમાં પ્રથમ ડિસ્ટ્રોયર નૌસેનાને સોંપવામાં આવ્યુ હતું. ત્રણ વધારે ડિસ્ટ્રોયર્સ મુરગાંવ, ઈમ્ફાલ અને સુરતને આવનારા થોડા વર્ષોમાં ડિલિવર કરવામાં આવશે. આ તમામમાં બ્રહ્મોસ સુપરસોનિક ક્રૂઝ મિસાઈલ અને ઈઝરાયલી બેરેક મિસાઈલ હશે. ચારેયને તૈયાર કરવામાં ૩૫,૦૦૦ કરોડ રુપિયાથી વધારે કિંમત થશે.



ડિસ્ટ્રોયર્સ આમ તો ઘણાં શક્તિશાળી જહાજ હોય છે, પરંતુ આકાર અને ક્ષમતાના સંદર્ભમાં તે એરક્રાફ્ટ કરિયર્સની સામે નથી ટકી શકતા. એક દિવસમાં ૫૦૦ નોટિકલ મીલથી વધારે અંતર કાપી શકનારા એરબેઝથી દુનિયાને પોતાની સૈન્ત તાકાતનો પરિચય કરાવી શકાય છે. ચીન દુનિયાની સૌથી મોટી નૌસેના બનાવવાની તૈયારી કરી રહ્યું છે, ત્યારે ભારત પણ સંસાધનોને એકત્રિત કરવામાં લાગેલું છે.

## યોગીએ પીએમ મોદી સાથેનો ફોટો પોસ્ટ કર્યો

લખનઉ, તા.૨૧

યુપીના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે દેશના વડાપ્રધાન નરેન્દ્ર મોદી સાથેના બે ફોટોગ્રાફ્સ પોતાના ટ્વિટર અકાઉન્ટ પર પોસ્ટ કર્યા છે. આ ફોટો હવે સોશિયલ મીડિયા પર ખૂબ વાયરલ થઈ રહ્યા છે. જેમાં પીએમ મોદી ઉત્તરપ્રદેશના સીએમ યોગીના ખભા પર હાથ રાખીને ચાલતા જોવા મળી રહ્યા છે અને તેઓ બંને કોઈ ખાસ મુદે ચર્ચા કરતા જોવા મળી રહ્યા છે. યોગી આદિત્યનાથે આ ફોટોગ્રાફ્સની સાથે એક કવિતા પણ પોસ્ટ કરી છે.

પીએમ મોદી સાથેનો ફોટો શેર કરતા ઉત્તરપ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે લખ્યું કે અમે નીકળી પડ્યા છીએ પ્રણ કરીને, પોતાનું તન-મન અર્પણ કરીને, જીદ છે એક સૂર્ય ઉગાડવાનો છે, આકાશથી ઊંચે જવાનું છે, એક નવું ભારત બનાવાનું છે. આ ફોટોગ્રાફને બલિયા સાંસદ અને પૂર્વ રાષ્ટ્રીય અધ્યક્ષ ભારતીય જનતા પાર્ટી કિસાન મોર્ચા વિરેન્દ્ર સિંહ મસ્તે શેર કરતા લખ્યું કે બીજેપી જ જીતશે, આવશે તો ફરી યોગી જી.

## મમતા બેનર્જી ૪ દિવસ દિલ્હી પ્રવાસે


નવી દિલ્હી , તા.૨૧

સંસદનું શિયાળુ સત્ર ૨૯ નવેમ્બરથી શરૂ થવા જઈ રહ્યું છે, પરંતુ તે પહેલા વિપક્ષના નેતાઓની બેઠકોનો રાઉન્ડ શરૂ થઈ રહ્યો છે. પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનર્જી શિયાળુ સત્ર પહેલા ત્રણ દિવસીય પ્રવાસ પર દિલ્હી પહોંચવાના છે. બેનર્જી ૨૨ નવેમ્બરથી ૨૫ નવેમ્બર સુધી દિલ્હીમાં રહેશે.

આ પ્રવાસમાં મમતા પીએમ મોદી અને ગૃહમંત્રી અમિત શાહ સહિત વિપક્ષના ઘણા વરિષ્ઠ નેતાઓને મળી શકે છે. દિલ્હીમાં મમતા બીજેપી સાંસદ વરુણ ગાંધીને પણ મળી શકે છે. ઉત્તર પ્રદેશ, પંજાબ, ત્રિપુરા, ઉત્તરાખંડ વિધાનસભા ચૂંટણીને ધ્યાનમાં રાખીને મમતા બેનર્જીની આ મુલાકાતને ખૂબ જ મહત્વપૂર્ણ માનવામાં આવી રહી છે. બેનર્જી છેલ્લા ઘણા મહિનાઓથી સતત વિપક્ષને એક કરવામાં વ્યસ્ત છે.

**પ્રથમ માસિક પુણ્યતિથિ નિમિત્તે**

**શત્ શત્ નમન**



**વૈદ્ય જસવંતસિંહ રાઠોડ**

૧૯૪૭-૨૦૨૧

ડો. જસવંતસિંહજી રાઠોડ સાહેબ
એક સરળ, સહજ, નિર્મલ સન્યાસી...

હા, તે આયુર્વેદના મેડીકલ ઓફીસર અને
વૈદ્ય કરતાં પણ પહેલા ખરા અર્થમાં સંત જ હતા...

તેઓ મૂળ જોધપુર વંશજના અને દાંતાની નજીક આવેલા
હડાદ (બામનોજ)ના ઠાકોર સાહેબ હતા...

તેમની સાથે મુલાકાતનું સૌભાગ્ય ઘણીવાર પ્રાપ્ત થયેલ.
તે સમયે તેમને નજીકથી જાણેલા...

દર્દીની ખરા અંતરથી ચિંતા કરતાં જોયેલા...
અને ઘણા દર્દી માટે તે સદેહે સાક્ષાત ભગવાન....

લીવર, કિડની અને હૃદયના ગંભીર રોગોના
ઘણાંય દર્દીઓને આયુર્વેદ થકી નવું જીવન આપેલું છે...

કોઈપણ વ્યક્તિ એવી નહીં મળે જેને એકવાર પણ રાઠોડ સાહેબની
મુલાકાત લીધી હોય અને તેમની તેજસ્વિતાથી તેમને આંજી ના દીધા હોય...

આયુર્વેદ જગતને બહુ જ મોટી ખોટ પડી છે...
મનમાં અત્યંત દુઃખ થઈ રહ્યું છે...

**સ્વ. ભુરસિંહજી પરિવાર તથા આયુર્વેદ પરિવાર**

## રાજસ્થાનમાં ૧૧ કેબિનેટ, ૪ રાજ્ય મંત્રીઓએ શપથ લીધા

**ગહલોત સરકારનું નવુ મંત્રીમંડળ તૈયાર : ગહલોત સરકારના આગામી મહિને ૩ વર્ષ પૂરા થાય છે, અનુસૂચિત જાતિ-જનજાતિના ચાર ધારાસભ્યોને સ્થાન મળ્યું**

જયપુર, તા.૨૧

રાજસ્થાનની કોંગ્રેસ સરકારમાં ભારે ઉથલ-પાથલ પછી આજે અશોક ગહલોત સરકારના નવા મંત્રીમંડળની રચના થઈ ચૂકી છે. રાજસ્થાનના રાજ્યપાલ કલરાજ મિશ્રએ કોંગ્રેસ ધારાસભ્ય મહેંદ્રજીત સિંહ માલવીય, રામલાલ જાટ, મહેશ જોશી અને વિશ્વેન્દ્ર સિંહ સહિત કુલ ૧૫ ધારાસભ્યોને મંત્રી પદ માટે શપથ લેવડાવ્યા છે. નવા મંત્રીમંડળમાં સચિન પાયલટના કેટલાક મંત્રીઓને પણ સ્થાન આપવામાં આવ્યું છે. અશોક ગહલોત સરકારના નવા મંત્રીમંડળમાં સામેલ ૧૧ને કેબિનેટ મંત્રી તરીકે જ્યારે ૪ને રાજ્ય મંત્રી પદના શપથ લેવડાવ્યા છે. કોંગ્રેસે આ મંત્રીમંડળની પુનઃરચનાાં ગહલોત અને પાયલટ એમ બંને ગ્રુપ વચ્ચે સંતુલન જાળવી રાખવાનો પ્રયત્ન કર્યો છે અને એજ હિસાબથી ધારાસભ્યોને મંત્રી પદ સોંપ્યા છે. ગહલોત મંત્રીમંડળમાં અનુસૂચિત જાતિ-જનજાતિના ચાર ધારાસભ્યોને પણ સ્થાન મળ્યું છે.

રાજસ્થાનની રાજધાની જયપુરમાં યોજાયેલા આ શપથ ગ્રહણ સમારોહમાં રમેશ મીળા, મમતા ભૂપેશ બૈરવા, ભજન લાલ જાટવ અને ટીકારામ જૂલીએ કેબિનેટ મંત્રી તરીકે શપથ લીધા હતા. આ સિવાય ગોવિંદ રામ મેઘવાલ અને શકુંતલા રાવતે પણ રાજસ્થાન સરકારમાં કેબિનેટમાં મંત્રી પદ સંભાળ્યું છે. બૃજેન્દ્ર સિંહ ઓલા અને મુરારી લાલ મીળાએ કેબિનેટમાં રાજ્ય મંત્રી તરીકે પદ અને ગોપનીયતાના શપલ લીધા છે. રાજસ્થાનમાં કોંગ્રેસ સરકારમાં ત્રણ મહિલા મંત્રીને પણ સ્થાન મળ્યું છે.


અમૂલ દૂધ પીતા હૈ ઈંડિયા

15g પ્રોટીન




₹26* / 500 mL

અમૂલ શક્તિ

Amul 75 YEARS OF MILK & PROGRESS

*એમઆરપી (બધાં કરવેરા સહિત), ટ્રાન્સપોર્ટેશન અને કૂલિંગ ચાર્જિસ સામેલ છે. શરતો લાગુ. પૂછપરછ/ઉપલબ્ધતા માટે કૃપા કરી સંપર્ક કરોઃ અમદાવાદ અને સૌરાષ્ટ્રઃ 079 - 23969055/56/57